# પરિશિષ્ટ-૩

**ઊંઝા - ખ્યાતિ :**

૧. મા ઉમિયાની પૂર્ણ - અખંડ સ્વરૂપ શક્તિપીઠ - યાત્રાધામ - કડવા પાટીદાર કુળદેવી.

૨. એશિયાનું મોટામાં માટું ખેત ઉત્પન્નનું માર્કેટયાર્ડ - ખાસ કરીને જીરું, વરિયાળી, ઈસબગુલ માટેનું - વર્ષે લગભગ રૂ.૪૦૦ થી ૫૦૦ કરોડનું ટર્નઓવર થાય છે. અહીં લગભગ મોટાભાગની અગ્રહરોળની બેંકોની સગવડતા છે.

૩. આયુર્વેદિક દવાઓની મોટી ઊંઝા ફાર્મસી આવેલી છે, જે દેશભરમાં પ્રખ્યાત છે.

**શ્રી ઉમિયા માતાજીમાં ધર્મલાભ માટે નોંધાતી તિથિઓ :**

**૧. યજ્ઞતિથિ :**

પોતાના જીવનની યાદગાર તિથિ કે કોઇની સ્મૃતિતિથિએ માતાજીમાં રૂ.૫૦૦૦ ભરી દરવર્ષે તે તિથિએ હવન કરી શકાય છે. હાલ દરેક માસની રોજના ૨ હવનની તિથિઓની નોંધ થઇ ગયેલ છે.

કોઇ પોતાની ઈછછા મુજબ ગમે તે તિથિએ હવન કરવાની ઈછછા ધરાવે તો તેવી સગવડ કરી અપાય છે.

**૨. કાયમી પ્રસાદ તિથિ :**

માતાજીમાં સવારની મંગળાઆરતીમાં મહાપ્રસાદનો ભોગ ધરાવવામાં આવે છે. રૂ.૧૫૦૦ ભરી ઈછિછત તિથિએ મહાપ્રસાદ વહેંચી શકાય છે.

**૩. કાયમી થાળ તિથિ :**

માતાજીને થાળ ધરાવવાની ભક્તની ઈચ્છા પણ રૂ.૧૦૦૦ ભરવાથી ઈચ્છિત તિથિએ થાળ ધરાવવાની નોંધ કરાવી શકાય છે.

**૪. સદાવ્રત તિથિ :**

માતાજીમાં સદાવ્રત ચાલે છે. સાધુ, સંત કે અભ્યાગતોને ભોજન અપાય છે. રૂ.૧૦૦૦ ભરી ઈચ્છિત તિથિની નોંધ પ્રમાણે ભોજન અપાય છે.

**૫. અખંડ ઘીનો દીવો :**

માતાજીમાં અખંડ જ્યોત જલે છે. તે માટે ઘીની વ્યવસ્થામાં પણ ભેટ આપી શકાય છે.

**૬. પ્રસાદ :**

માતાજીનાં દર્શને આવતા યાત્રીઓને પ્રસાદ વહેંચાય છે. આ પ્રસાદ માટે પણ ભેટ આપી શકાય છે.

**માતાજીના વહીવટમાં ભાગ લેવા માટે :**

રૂ.૧૦૦૦ ભરી આ સંસ્થાના આજીવન સભ્ય થઈ શકાય છે.